


Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 21,(SURAT), DATE-13/11/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૨૧, (સુરત), તા.૧૩/૧૧/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.




2 ૩૬ હજાર હેક્ટર વિસ્તારની ૯.૮૦ લાખ ટન શેરડીનું પિલાણ કરાશે

3 સોનગઢ તાલુકાના અગાસવાણ ગામમાં મિની પાણી પુરવઠા યોજના બંધ પડી

4 ભાડુંત ગામમાં ધામધૂમથી જલારામ જયંતી ઉજવણી કરવામાં આવી


## અક્ષરધામ ખાતે તપોમૂર્તિનો પ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો, પૂજન વિધિમાં ૫૫૫ તીર્થોના જળનો ઉપયોગ કરાયો

ગાંધીનગર- ગાંધીનગરમાં આવેલા અક્ષરધામ મંદિરે નીલકંઠ વર્ણીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. આ મૂર્તિની ઊંચાઈ ૪૯ ફૂટ છે. ભારતના એકપણ અક્ષરધામમાં અત્યાર સુધીમાં આટલી ઊંચાઈની નીલકંઠ વર્ણીની મૂર્તિ નથી. ભારતમાં આ માત્ર ગાંધીનગરના અક્ષરધામ મંદિરમાં જ આટલી ઊંચાઈની મૂર્તિનું સ્થાપન કરાયું છે. જો કે, અમેરિકાના રોબિન્સવિલે સ્થિત અક્ષરધામમાં આટલી જ ઊંચાઈની મૂર્તિ લગાવવામાં આવી ચૂકી છે. ત્યારે આજે અક્ષરધામ ખાતે તપોમૂર્તિનો પ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો હતો. જેમાં પૂજન વિધિમાં ૫૫૫ તીર્થોના જળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.





અક્ષરધામ ખાતે એક નૂતન સોપાન સંસ્કૃતિપુરુષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજે ૩૨ વર્ષ પહેલાં ગાંધીનગરમાં ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મના અજવાળાં પાથરતા ભવ્ય અને દિવ્ય અક્ષરધામની ભેટ આપી હતી. વર્તમાન કાળે મહંત સ્વામી મહારાજની નિશ્રામાં બીએપીએસ સંસ્થાના સંતો અને હરિભક્તોના સમર્પણથી નવીન સોપાનો સર થઈ રહ્યાં છે. આજે ૧૧ નવેમ્બરે ગાંધીનગરના સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં મહંત સ્વામી મહારાજના હસ્તે આવા જ એક નૂતન સોપાન એટલે કે શ્રી નીલકંઠ વર્ણીની તપોમૂર્તિનો પ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો હતો. સંતોની ઉપસ્થિતિમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ સવારે ૭:૩૦ વાગ્યે બીએપીએસ સંસ્થાના વરિષ્ઠ સદગુરુ સંતો ઈશ્વરચરણ સ્વામી, કોઠારી સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, વિવેકસાગર સ્વામી, તેમજ ગાંધીનગર અક્ષરધામના મુખ્ય સંત આનંદસ્વરૂપ સ્વામી વગેરે સંતોની ઉપસ્થિતિમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ અંતર્ગત પૂર્વન્યાસ વિધિનો આરંભ થયો હતો. બીએપીએસના વિદ્વાન સંત શ્રુતિપ્રકાશ સ્વામીએ વૈદિક મંત્રોચ્ચાર અને વિધિ વિધાન સાથે સમગ્ર પૂજાવિધિ કરાવી હતી. પૂર્વન્યાસ વિધિ બાદ શ્રી નીલકંઠ વર્ણી મહારાજના ૧૦૮ મંગળકારી નામ તેમજ સહજાનંદ નામાવલીનો જપ કરવામાં આવ્યો હતો. નીલકંઠ વર્ણી તપોમૂર્તિની વિશેષતાઓ વર્ણવી બીએપીએસ સંસ્થાના વિદ્વાન સંત અક્ષરવત્સલદાસ સ્વામીએ સમગ્ર ભારતમાં શ્રી નીલકંઠ વર્ણીની સૌથી ઊંચામાં ઊંચી એવી આ નીલકંઠ વર્ણી તપોમૂર્તિની વિશેષતાઓ વર્ણવી હતી. તેમણે એ પણ જણાવ્યું કે, નેપાળમાં મુક્તિનાથમાં ભગવાન સ્વામિનારાયણે જે તપોમુદ્રામાં ૨ મહિના અને ૨૦ દિવસ સુધી કઠોર તપ આદર્યું હતું તે તપોમુદ્રામાં નીલકંઠ વર્ણીની મૂર્તિની રચના કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધના સૌથી મોટા હિન્દુ મંદિર એટલે કે સ્વામિનારાયણ અક્ષરધામ, રોબિન્સ્વિલ, ન્યુ જર્સી ખાતે સૌપ્રથમ વાર આ પ્રકારની ૪૯ ફૂટ ઊંચી નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

## મઢી સુગર ફેક્ટરીમાં શેરડી પિલાણ સીઝન ૨૦૨૪ -૨૫ ની ભવ્ય શરૂઆત કરવામાં આવી



બારડોલી તાલુકાના મઢી ખાતે આવેલ શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીની આજરોજ સિઝન ૨૦૨૪- ૨૫ ની શરૂઆત સંસ્થાના પ્રમુખ શ્રી સમીરભાઈ.સી. ભક્ત ના હસ્તે તેમજ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ જીતુભાઈ. બામણી.અને સંચાલકોની ઉપસ્થિતિમાં આજરોજ સવારે ૯:૩૦ થી પૂજા વિધિ કરી ૨૦૨૪-૨૫ ની પીલાણ સીઝનની ભવ્ય શરૂઆત કરવામાં આવી હતી. નવા વર્ષની પીલાણ સીઝનમાં મઢી સુગરમાં ૧૮,૩૮૩ એકર શેરડી રોપાણ અને લામ શેરડી ૧૧૨૪૪ એકર મળીને કુલ ૨૯,૬૨૭ એકર સંસ્થાના માં નોધાયેલ છે. આગામી સિઝનમાં ૧૦.૦૦ લાખ મેટ્રીક ટન કરતા વધારે શેરડી પિલવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે તેવા ઉદેશથી નવી સિઝનની શરૂઆત કરવામાં આવી છે અને ત્યારબાદ સંસ્થામાં પહેલા નંબર પર આવેલ ટ્રક ડ્રાઈવરોને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી ઇનામ આપવામાં આવેલ હતા. સંસ્થાના પ્રમુખશ્રીએ નવા પીલાણ સીઝન ની સભાસદ ભાઈઓ તથા સંચાલકશ્રી અને કામદાર કર્મચારીઓ સંસ્થાની પ્રગતિમાં બધા પૂરક હોય છે. જેથી તમામે સાથ સહકાર આપી અને સંયમથી એકબીજાના સહભાગી થઈ આપણે જે લક્ષ્યાંક રાખ્યો છે તે હાંસલ કરવાનો અનુરોધ કર્યો હતો.

## ધામડોદ ફાટકના ખાડા વાહન ચાલકો માટે જોખમી

બારડોલી- બારડોલીથી કડોદ જતાં માર્ગ પર ધામડોદ રેલ્વે ફાટક પર રસ્તો તૂટી જવાથી મસમોટા ખાડા પડી ગયા છે. સાથે જ સળિયા બહાર દેખાઈ રહ્યા હોય વાહન ચાલકો માટે પણ તે જોખમી સાબિત થઈ રહ્યા છે. ખાડાને કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય રહી છે. ત્યારે રેલ્વે વિભાગ દ્વારા ફાટક પર યોગ્ય મરામત કરાવવામાં આવે તેવી માગ ઉઠી રહી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર થોડા સમય પૂર્વે જ રેલ્વે વિભાગ દ્વારા ધામડોદ રેલ્વે ફાટકની મરામત કરવામાં આવી હતી. રેલ્વે ટ્રેક પર રબર બેસાડી દેવામાં આવ્યા હોય તેટલો ભાગ સારો રહ્યો છે. પરંતુ આજુબાજુમાં બાનવવામાં આવેલ કોક્રીટ ટકી શક્યું નથી. બંને ટ્રેકની આજુબાજુમાં સિમેન્ટ કોક્રીટ તૂટી ગયું હોય સળિયા પણ બહાર દેખાઈ રહ્યા છે.

ઉપરાંત મસમોટા ખાડા પડી જતાં વાહન ચાલકોને પણ પસાર થવું મુશ્કેલ બની ગયું છે. ફાટકની આજુબાજુના રોડ પર ખરાબ થઈ ગયો છે. તેની પણ મરામત કરવી જરૂરી છે. રોડ ખરાબ હોવાથી ફાટક બંધ ન હોય તો પણ વાહનોની કતાર લાગતી જોવા મળી રહી છે. ઊંડા ખાડા હોવાથી ટુ-વ્હીલર ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રાત્રિના સમયે ખાડા દેખાઈ ન શકે તો અકસ્માત થવાની પણ સંભાવના છે. એટલું જ નહીં સળિયા પણ બહાર દેખાતા હોય વાહનોમાં પંચર પડવાના બનાવો પણ બની રહ્યા છે. ત્યારે ફાટક પર રસ્તાની યોગ્ય મરામત કરવામાં આવે તેવી માગ વાહન ચાલકો કરી રહ્યા છે.

## વ્યારા સુગર ફેક્ટરી દ્વારા ચાલુ પીલાણ સિઝનમાં ચાર લાખ મેટ્રિક ટન શેરડીનું પિલાણ કરવામાં આવશે

### કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે વ્યારા સુગરની પીલાણ સિઝનનો શુભારંભ કરાવ્યો

વ્યારા: વર્ષોથી બંધ પડેલી વ્યારા સુગરને ચાલુ કરવાનું ભગીરથ કાર્ય રાજય સરકારના સહયોગથી ફરીથી શરૂ કરવામાં આવ્યું છે ત્યારે ચાલુ પીલાણ સિઝનમાં ચાર લાખ મેટ્રિક ટન શેરડીનું પીલાણ વ્યારા સુગર દ્વારા કરવામાં આવશે એમ કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું.





વ્યારા સુગર ફેક્ટરી ખાતે આયોજીત સહકારથી સમૃદ્ધિ અંતર્ગત સહકાર સંમેલનમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા કેન્દ્રીય મંત્રીશ્રી પાટીલે જણાવ્યું હતું કે, ખેડૂતોને યોગ્ય ભાવો મળી રહે એવા સુગરની કસ્ટોડિયન કિમિટીના પ્રયાસો રહ્યા છે. ખેડૂતોને રૂા. ૨૮૦૦ રૂપિયા પ્રતિ ટન ભાવ ચૂકવવામાં આવ્યો છે. ત્યારે ખેડૂતો લોભ લાલચમાં આવ્યા વગર વ્યારા સુગરને બેઠી કરવામાં મદદ કરે એવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. આ વેળા મંત્રીશ્રી પાટીલે પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી વાજપેઇને યાદ કરતા જણાવ્યું હતું કે, ૨૦૦૪માં જયારે સ્વ. અટલજી પ્રધાનમંત્રી હતા ત્યારે તેમણે પણ વ્યારા સુગર ફેક્ટરીને ફરીથી શરૂ કરવા માટે પ્રયાસ કર્યો હતો.

આ વિસ્તારના ખેડૂતોની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઇ રાજય સરકારે સુગરને ફરીથી શરૂ કરવામાં માટે રૂપિયા ત્રીસ કરોડની માતબર રકમ ફાળવી છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, વ્યારા સુગરને ફરીથી ચાલુ કરવા માટે નિમિત્ત બનવાનું મારા ભાગ્યમાં લખાયું હશે જે મારા માટે જીવનભરનું સંભારણું છે. દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે જીવનદોરી સમાન સુમુલ ડેરી અંગે વાત કરતા જણાવ્યું હતું કે, ખેડૂતો ખેતી કરે છે તેની આવક વર્ષમાં એક કે બે વાર જ થાય છે પરંતુ ખેતી સાથે પશુપાલન કરી પુરક રોજગારી સુમુલના માધ્યમથી મળી રહે છે એમ કહી તેમણે સુમુલ ડેરીના દિન પ્રતિદિન વધતા જતા વ્યાપ અંગે વિગતે વાત કરી મુંબઇ અને કોલ્હાપુરમાં સુમુલ ડેરી નવા પ્લાન્ટ શરૂ કરવા જઇ રહી છે એમ કહી તેમણે ભવિષ્યમાં ગોવા ખાતે પણ પ્લાન્ટ શરૂ કરવામાં આવશે એમ જણાવ્યું હતું.

સુમુલ ડેરીનું મહત્વ સ્પષ્ટ કરતા તેમણે જણાવ્યું હતું કે, શહેરના લોકો સવારે ઉઠીને ચા પીવે છે એનું કારણ મારા સુમુલના ખેડૂતો છે કે જેઓ સુમુલને દુધ પુરૂ પાડે છે.

કેન્દ્ર સરકારના કેચ ધ રેઇન વોટર અભિયાન અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, આવનારા સમયમાં પાણીની ખેચ ન પડે એ માટે કેચ ધ રેઇન વોટર અભિયાન અંતર્ગત ગુજરાતમાં રેઇન વોટર હાર્વેસ્ટિંગની કામગીરીએ જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે. ૧૪૦૦ જેટલા પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે જયારે ૮૦,૦૦૦ પ્રોજેક્ટ આગામી સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

રેઇન વોટર હાર્વેસ્ટિંગ ક્ષેત્રે ગુજરાત એક મોડેલ સ્થાપિત કર્યું છે જેનું આગામી સમયમાં સમગ્ર દેશ દ્વારા અનુસરણ કરવામાં આવશે એમ કહી તેમણે આ કામગીરીમાં નવસારી જિલ્લો પ્રથમ, સુરત જિલ્લો, દ્વિતીય અને તાપી જિલ્લો તૃતીય સ્થાન ધરાવે છે એમ જણાવ્યું હતું. આગામી પચાસ વર્ષ પછી ઉભી થનારી પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે અત્યારથી આયોજન સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે જે માત્ર દેશનું જ નહીં વિશ્વનું પણ એકમાત્ર શહેર છે એમ મંત્રીશ્રી પાટીલે જણાવ્યું હતું. આદિજાતિ વિકાસ રાજયમંત્રી કુંવરજીભાઇ હળપતિ અને સાંસદ પ્રભુભાઇએ વસાવાએ પણ પ્રાસંગિક ઉદ્દબોધન કરી આ વિસ્તારના ખેડૂતો માટે જીવાદોરી સમાન વ્યારા સુગરને પુન: કાર્યરત કરવાના સરકારના પ્રયાસોની સરાહના કરી હતી. સુમુલ ડેરીના ચેરમેન અને વ્યારા સુગરના પ્રમુખ માનસિંહભાઇ પટેલે વ્યારા સુગરને પુન: શરૂ કરવાના પ્રયાસોની અંગે વિગતે જાણકારી આપી રાજય સરકારના સહયોગથી શરૂ કરવામાં આવેલ વ્યારા સુગરને દક્ષિણ ગુજરાતની અન્ય સુગર ફેક્ટરીઓ દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

પ્રમુખ માનસિંહભાઇએ ખેડૂતોને અનુરોધ કરતા જણાવ્યું હતું કે, સહકારી સંસ્થાને સૌના સહકારથી ફરી ધમધમતી કરવા માટે વધુમાં વધુ ખેડૂતો સુગરને શેરડી આપે એ ખૂબ આવશ્યક છે. પહેલા ૧૫૦૦ થી ૨૦૦૦ પ્રતિ ટનના ભાવે ખેડૂતો શેરડી વેચતા હતા. વ્યારા સુગર દ્વારા ખેડૂતોને ૨૮૦૦ પ્રતિ ટન ભાવ આપવામાં આવે છે ત્યારે ખેડૂતો આ સુગરને બેડી કરવામાં સહયોગ આપે એવી અપેક્ષા તેમણે વ્યકત કરી હતી.


Mo-9727410292    Mo-9426810292




શ્રી બાલાજી ડાઈનિંગ હોલ

ધામળોદ રોડ, બારડોલી

Date-13/11/2024 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# રૂ. ૨.૯૪ કરોડનો લોકોને ચૂનો લગાડનાર મુખ્ય સૂત્રધાર ઝબ્બે

ચીખલી- મજીગામ ગામે ગ્રુપ ઉભુ કરી ઊંચા વળતરની લાલચ આપી રોકાણ કરાવી લોકોને રૂ. ૨.૯૪ કરોડ રૂપિયાનો ચૂનો લગાવનાર સમર ગ્રુપનો મુખ્ય કારભારી સાગર રાઠોડની સેલવાસના દુધનીથી પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.

ચીખલીના મજીગામ ગામે સમર ગ્રુપ ઉભુ કરી લોકોને વિશ્વાસમાં લઈ ઊંચા વળતરની લાલચ આપી ઉમરગામ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા સુધીના ૧૪૫થી વધુ લોકોને ડિજીટલ વોલેટ, ગોલ્ડ સ્કીમ, એફડી સ્કીમ,બાઇક સ્કીમ સહિત વિવિધ સ્કિમ બતાવી રોકાણકારો પાસે રૂ. ૨.૯૪ કરોડનું રોકાણ કરાવી રૂપિયા પરત ન આપતા એક મહિલા સહિત પાંચ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોધ્યો હતો.

ચીખલી પોલીસે સમર ગ્રુપના ચૈતાલી સાગર રાઠોડ (રહે. કસ્બા ફળિયા, ચીખલી), મીરલ મહેશભાઈ પટેલ (રહે. મજીગામ, તા.ચીખલી) તથા અનિલ બાબુભાઇ રાઠોડની ધરપકડ કરી હતી. જયારે આ ગુનાનો મુખ્ય સૂત્રધાર સાગર દિલિપભાઇ રાઠોડ (ઉ.વ.૩૩, (હાલ રહે.સેલવાસ દૂધની, મૂળ રહે.મજીગામ ઉતારા ફળીયા તથા કસ્બા ફળિયા તા.ચીખલી) ને રવિવારની સાંજના સમયે સેલવાસના



દૂધનીથી ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી. જોકે રોકાણકારોના નાણાં અંગે રિમાન્ડ પૂર્ણ થયા બાદ જ હકીકત બહાર આવશે. જોકે આ ગુનામાં હજુ પણ એક આરોપી વિશાલ દિલિપ રાઠોડ (રહે.કસ્બા ફળિયા તા.ચીખલી) પોલીસ પકડથી દૂર રહ્યો છે.

# માંગરોળના આમખુંટા ગામે શિકાર કરી જંગલમાં ભાગી ગયો; વન વિભાગની ટીમે દીપડાને પકડવા તજવીજ હાથ ધરી

બારડોલી- સુરત જિલ્લામાં ફરી એક વખત દિપડો જોવા મળ્યો હતો. શિકારની શોધમાં આવેલા દીપડાએ બે બકરી ઉપર હુમલો કર્યો હતો. જેમાં બે બકરીઓના મોત નીપજ્યાં હતા. સ્થાનિક વન વિભાગની ટીમે હાલ આગળની તજવીજ હાથ ધરી હતી.

સુરત જિલ્લામાં અવારનવાર દીપડા દેખાતા હોવાના અહેવાલો સામે આવતા હોય છે. ઘણી વખત શિકારની શોધમાં દીપડા રહેણાક વિસ્તારોમાં આવી પહોચે છે અને પશુઓ ઉપર હુમલાઓ પણ કરતા હોય છે. તેવામાં આવી જ એક વધુ ઘટના સુરત જિલ્લામાં સામે આવી છે. મળતી માહિતી



મુજબ, સુરત જિલ્લાના માંગરોળના આમખૂટા ગામે દીપડાએ બે બકરી ઉપર હુમલો કર્યો હતો. દીપડાના હુમલાના કારણે બકરીઓના મોત નીપજયાં હતા. સ્ટેશન ફળિયામાં રાત્રિ દરમિયાન દીપડો ત્રાટક્યો હતો અને બકરી ઉપર હુમલો કર્યો હતો. આ સમગ્ર મામલે ગ્રામજનો દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

# સ્પર્ધાત્મક પરિક્ષા આપતા ઉમેદવારોને કોચિંગ સહાય

બારડોલી- સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિના વિદ્યાર્થીઓ અથવા તાલીમાર્થીઓ માટે ત્રણ કોચિંગ સહાય યોજનાનો લાભ મળશે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષા વર્ગ-૧, ૨ અને ૩ ની પૂર્વ તૈયારી માટે ઉમેદવારોને કોચિગ સહાય મળશે. અન્ય કોચીંગ સહાયમાં ઉમેદવારો નીટ, જેઈઈ, ગુજકેટ જેવી પરીક્ષાની પૂર્વ તૈયારી માટેની કોચિગ સહાય મળશે. ત્રીજી સહાય હેઠળ આઈ. આઈ. એમ., સી.ઈ.પી.ટી., નિફ્ટ, એન.એલ.યુ. જેવી ઓલ ઈન્ડીયા લેવલની પરીક્ષાઓ તથા વિદેશ જવા પરીક્ષાની તૈયારીઓ માટે સહાય મળશે.

ઉપરોકત ત્રણેય કોચિંગ સહાય માટે તાલીમાર્થીઓને પ્રોત્સાહન સહાય માટે રૂ.૨૦,૦૦૦ અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે મળવા પાત્ર થશે. યોજનાનો લાભ લેવા ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ https:// esamajkalyan .gujarat. gov.in પર ઓનલાઈન અરજી કરવી. સહાય મેળવવા માટે ઉમેદવારોએ તા.૧૧/૧૧/૨૦૨૪ થી ૧૧/૧૨/૨૦૨૪ સુધી આનુષાંગિક પ્રમાણપત્રો સાથે ઓનલાઈન અરજી કરવાની રહેશે.

પોર્ટલ પર અરજી કર્યા બાદ તેની નકલ સાથે ઓનલાઈન અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ્સની નકલ બિડાણ કરી વિદ્યાર્થી જે સંસ્થામાં તાલીમ મેળવતા હોય તે માટે સુરત જિલ્લામાં આવેલ જિલ્લા નાયબ નિયામક (વિ.જા)ની કચેરીએ તા.૩૦/૧૨/૨૦૨૪ સુધીમાં જમા કરાવવાના રહેશે.જિલ્લા કક્ષાએ તા.૩૦-૧૨-૨૦૨૪ સુધીમાં હાર્ડકોપી જમા ના કરાવેલ વિદ્યાર્થી/તાલીમાર્થીની અરજી ધ્યાને લેવાશે નહિ, તેમજ તા.૩૦-૧૨-૨૦૨૪ પછી જિલ્લા કક્ષાએ મળેલ હાર્ડ કોપીવાળી અરજીઓને પણ ધ્યાને લેવામાં આવશે નહિ. જેની નોધ લેવા નિયામક વિકસતી જાતિ કલ્યાણ ગુજરાત રાજય, ગાંધીનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# નવસારી જિલ્લા પંચાયતમાં મળી સામાન્ય સભામાં અનેક કામોની બહાલી, ATM માં મળશે ઇકો ફ્રેન્ડલી થેલી



**નવસારી જિલ્લાના વિકાસની ઊંચાઈ ઉપર લઈ જવા માટેની વિવિધ ગ્રાન્ટો અને આયોજનને બહાલી આપવામાં આવ્યો**

નવસારી- જિલ્લા પંચાયતની સામાન્ય સભા વિકાસના કામોની ગતિ આપવા માટે આયોજન કરતી હોય છે જેમાં વિવિધ ગ્રાન્ટો માંથી મળતા રૂપિયાનું આયોજન કરીને નક્કર સ્વરૂપ આપતી હોય છે નવસારી જિલ્લા પંચાયતની સામાન્ય સભા જિલ્લા પંચાયતના સભાખંડમાં મળી હતી જેમાં શાસક પક્ષ અને વિરોધ પક્ષના નેતાઓ હાજર રહ્યા હતા સાથે વહીવટી પ્રાર્થના અધિકારીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવસારી જિલ્લાના વિકાસની ઊંચાઈ ઉપર લઈ જવા માટેની વિવિધ ગ્રાન્ટો અને આયોજનને બહાલી આપવામાં આવ્યો તે આયોજનના ભાગરૂપે કરવામાં આવેલી કામગીરીને મંજૂરી અને માન્યતા આપવાની સાથે આગોતરા આયોજનો પણ કર્યા હતા જેમાં મહત્વના કેટલાક ૨૦ જેટલા કામોને બહાલી આપવામાં આવી છે.

પ્રમુખ માટે બનશે બંગલો જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખ માટે બંગલો બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં પશુપાલન વિભાગની જમીનમાં અલગ જગ્યા ફાળવીને તેમાંથી જિલ્લા પંચાયત પ્રમુખને પડતી મુશ્કેલીને દૂર કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે અને સામાન્ય સભાએ બહાલી આપી છે.

મરોલી રેસ્ટ હાઉસમાં PPP ધોરણે વિકસાવીને આવક ઊભી કરવાનું આયોજન કરવામાં આવ્યું મરોલી ગેસ્ટ હાઉસ જિલ્લા પંચાયત હસ્તકનું જૂનું અને જાણીતું વિશાળ જગ્યા ધરાવતી જગ્યા વાળું રેસ્ટ હાઉસ છે જેનો ઉપયોગ ઓછો થતો હોય છે જુનવાણું હોવાના કારણે ઉપયોગ ઓછી માત્રામાં થાય છે. ઉભરાટ મરોલી માર્ગ ખૂબ બીઝી રહેતો હોય છે. પર્યટકો થી ઉભરાતો હોય છે. તેવા સમયે ત્યાં રેસ્ટ હાઉસને આધુનિક બનાવવા અને પાર્ટી પ્લોટ બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે જેના માટે ડડડ મોડેલને આગળ ધરીને યોજના બનાવવામાં આવી છે. જેની પણ બહાલી આપવામાં આવી છે.

# ૩૬ હજાર હેક્ટર વિસ્તારની ૯.૮૦ લાખ ટન શેરડીનું પિલાણ કરાશે



ગણદેવી- ગણદેવી સુગર ફેક્ટરીમાં સને ૨૦૨૪-૨૫ની શેરડી પિલાણ સિઝનનો સોમવારે સવારે શુભારંભ કરાયો હતો. જેમાં આગામી ૧૬૫થી ૧૭૦ દિવસો દરમિયાન ૩૬ હજાર એકર વાવેતર વિસ્તારની ૯.૮૦ લાખ ટન શેરડી ઉત્પાદનનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે.

દિવાળી બાદ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, અધિકારી, કામદાર-કર્મચારીઓની ઉપસ્થિતિમાં યોગેશ ભાવસાર દંપતીએ યજ્ઞ પૂજાવિધી કરી હતી. જે સાથે નવી શેરડી પિલાણની કામગીરીનો પ્રારંભ થયો હતો. જેમાં મહુવા, નવસારી અને વલસાડ વિસ્તારની અંદાજીત ૩૬ હજાર એકર વિસ્તારમાંથી ૯.૮૦ લાખ ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક નિર્ધારીત કરાયો છે. જે આગામી ૧૬૫થી ૧૭૦ દિવસોમાં લક્ષ્યાંક પૂરો કરાશે. જે માટે ૩૦૦ ટ્રક, ૧૩૫ બળદગાડા, ૧૪૫ ટ્રેક્ટર ગાડા, ૭ હજાર જેટલા શ્રમજીવીનો કાફલો કામે લાગ્યો હતો.

ગણદેવી સુગર ફેક્ટરી દક્ષિણ ગુજરાત માટે જીવાદોરી સમાન હોય સૈંકડો શ્રમજીવીઓને રોજીરોટી પુરી પાડે છે. શેરડીની ચીમળી પશુઆહાર માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ પ્રસંગે બોર્ડ ઓફ ડિરેક્ટર્સોએ ઉઘડતી સિઝન માટે તમામને શુભેચ્છા પાઠવી સૌનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે રણજીત પટેલ, રતિલાલ પટેલ, અભિષેક પટેલ, રાજાભાઈ પટેલ, કાંતિલાલ, ગણપતસિંહ, વિરેન્દ્રસિંહ, નટુભાઈ, મેહુલભાઈ, અમરતભાઈ નાયક સહિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યાં હતા. ગણદેવી સુગર નાં એમડી રાજીવકુમાર ગુપ્તા, મુકેશ પટેલ, એસ્ટેટ મેનેજર મહેન્દ્ર પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગિરનારની લીલી પરિક્રમાનો મંગળવારથી પ્રારંભ, એક દિવસ પહેલાથી જ ઉમટી પડી ભાવિકોની ભીડ

: જૂનાગઢમાં ગિરનારની લીલી પરિક્રમાનો અનેરો મહિમા છે. દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ લીલી પરિક્રમા કરવા માટે આવતા હોય છે, ત્યારે આવતીકાલ મંગળવારથી લીલી પરિક્રમા શરુ થશે જે ૧૫ નવેમ્બર સુધી ચાલશે. લાખોની ભીડ ઉમટતી હોવાથી યાત્રામાં હાલાકી ન પડે તે માટે સેંકડો લોકોએ એક દિવસ પૂર્વે જ પરિક્રમા શરુ કરી દીધી છે.



ગિરનારની લીલી પરિક્રમાનો આવતી કાલે મંગળવારે દેવી ઊઠી અગિયારસની મધ્યરાત્રિએ વિધિવત પ્રારંભ થાય છે, ત્યારે અગાઉથી જ ભાવિકોનો પ્રવાહ આવવાનો શરુ થયો છે. જેમાં પરિક્રમાર્થીઓએ એક દિવસ પૂર્વે જંગલમાં પ્રવેશ કર્યો છે. જયારે તળેટી વિસ્તારમાં અન્નક્ષેત્રમાં હરિહરનો સાદ ગુંજી રહ્યો છે. પોણા લાખથી વધુ લોકોના આગમનથી તળેટી વિસ્તારમાં મેળા જેવો માહોલ સર્જાયો છે. ભવનાથ જિલ્લા પંચાયતના ગ્રાઉન્ડમાં વાહનોના ખડકલો જોવા મળ્યો. આગોતરી પરિક્રમા માટે ભીડ ન થાય તેથી રૂપાયતન રોડ પર જ પોલીસ દ્વારા બેરિકેટ લગાવી પરિક્રમાર્થીઓને ભવનાથ તળેટીમાં પરત મોકલવામાં આવી રહ્યા છે, જેથી લાલ ઢોરી પાસે આ વખતે જૂજ લોકો જોવા મળી રહ્યા છે.

લીલી પરિક્રમામાં આશરે ૧૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ જોડાય છે, ત્યારે તેમના ભોજન-પ્રસાદ માટે પરિક્રમાના માર્ગ પર ૫૦થી વધુ અન્નક્ષેત્રો ધમધમતા થયા છે. આ આયોજકો પાસેથી તેઓ પ્લાસ્ટિકનું પ્રદૂષણ નહીં કરે તેવી લેખિતમાં બાંહેધરી લેવામાં આવી છે.

આદી અનાદિ કાળથી દેવ ઊઠી અગિયારસથી પૂનમ સુધી ગરવા ગિરનારની ગોદમાં લીલી પરિક્રમા યોજાય છે. સમયાંતરે લોકોની ભીડ વધવા લાગતા હવે તો લીલી પરિક્રમાનું સ્થાનિક પ્રશાસન દ્વારા ખાસ આયોજન કરવામાં આવે છે. પરંતુ આ વખતે હાઇકોર્ટની કડક સૂચનાને અનુરુપ પરિક્રમાનું આયોજન કરાયું છે. પરિક્રમામાં હવે પ્લાસ્ટિકનું પ્રદૂષણ વધી રહ્યું છે.

# જુના ટ્રોમા સેન્ટરની સામે સિલિંગના પોપડા પડ્યા, દર્દીના પરિજનો ઈજાગ્રસ્ત થતા સહેજમાં રહી ગયા

સુરત- સુરત નવી સિવિલ હોસ્પિટલની સ્થિતિ ખૂબ જ દયનિય છે. એક રીતે કહીએ કે દર્દીઓ સારવાર લેવા માટે સિવિલ હોસ્પિટલમાં આવે છે, પરંતુ ખરા અર્થમાં અત્યારે નવી સિવિલ હોસ્પિટલને જ મારામતની જરૂર છે. સુરત સિવિલ હોસ્પિટલમાં સ્ટ્રક્ચર નબળું થતું જાય છે, તેના પુરાવા વારંવાર મળી રહ્યા છે.




સિલિંગના પોપડા પડ્યા નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની સામે હોસ્પિટલમાં જવા માટેનો જે રસ્તો છે, ત્યાં એકાએક જ સિલિગના પોપડા પડવાના શરૂ થયા હતા. પ્રોમો સેન્ટરથી સામે જતા ડાબી સાઈડ ઉપર જ આ પોપડા પડ્યા હતા. મહદંશે અહીંથી દર્દીઓ અને તેના પરિવારજનો પસાર થતા હોય છે, તેમને પણ ઇજા થવાની પૂર્ણ શક્યતા છે. આ ઘટના જયારે બની ત્યારે ચારથી પાંચ જેટલા દર્દીના સંબંધીઓ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. સદનસીબે તેમની આગળ જ આ સિલિંગના પોપડા નીચે પડ્યા હતાં, જેથી કરીને તેઓ ત્યાં જ ઊભા રહી ગયા હતા. જો તેઓ આગળની તરફ હોત તો માથાના ભાગે ગંભીર ઈજા થવાની પૂર્ણ શક્યતા હતી.

સમયાંતરે મરામત કરવાની જરૂર સુરત સિવિલ હોસ્પિટલમાં મહિનામાં એકાદ વખત ગમે ત્યાંથી સિલિંગના પોપડા પડવાની ઘટના બને છે. કેટલાક આરટીઆઇ એક્ટિવિસ્ટો દ્વારા પણ સુરત સિવિલ હોસ્પિટલની સ્ટેબિલિટીને લઈને અનેક વખત માહિતી માંગે છે. અત્યારે સિવિલ હોસ્પિટલમાં છાસવારે પોપડા સિલિંગના પોપડા પડવાની ઘટના બની રહી છે. ત્યારે સંબંધિત વિભાગે પણ તેને ગંભીરતાથી લેવી જોઈએ ક્યારેક મોટી હોનારત થાય પછી તંત્ર જાગે એવા કિસ્સાઓ ઘણી વખત સામે આવ્યા છે. સંબંધિત વિભાગે તાત્કાલિક અસરથી સિવિલ હોસ્પિટલની મારામત માટે નિર્ણય લેવો જરૂરી છે.

# મોરદેવીથી ૮ ફૂટ લાંબો અજગર પકડાયો

વાલોડ- તાપી જિલ્લાના વાલોડ તાલુકાના મોરદેવી ગામે ગત રાત્રીના સમયે મોટા ફળિયામાંથી જયેશભાઈ શંકરભાઈ ચૌધરીના ઘર પાછળ મહાકાય અજગર દેખાયો હોય આ અંગે માજી સરપંચ અનિલભાઈ ચૌધરીએ છઈજજ મેમ્બર ઇમરાન વૈદ અને બંટી ગામીત જાણ કરતા તાત્કાલિક બંને જીવ દયા પ્રેમીઓ મોરદેવી ખાતે પહોચી ગયા હતા, ત્યાંથી ૮ ફૂટ



લાંબો અજગર અને વજન ૧૪ કિલો જેને છઈજજ મેમ્બર ઇમરાન વૈદ અને બંટી ગામીત દ્વારા પકડી લેવાયો હતો, અજગરને પકડી વાલોડ વન વિભાગના અધિકારીઓની હાજરીમાં જંગલમાં સુરક્ષિત છોડવામાં આવશે.



Date-13/11/2024 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

તંત્રી લેખ.......



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

# આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધાની બે પાંખોથી ક્યાંય પણ વિહાર થઈ શકે!

'જિજ્ઞાસા માટેનું પ્રથમ પગથિયું એ છે કે તમારું મન અજ્ઞાત અવસ્થામાં હોવું જોઈએ. મનની આ અવસ્થામાં આપણે જીવન શું છે, મૃત્યુ શું છે, પ્રેમ શું છે એ વિશે કશું જાણતા નથી.'

આ પણી અનોખી સત્સંગ સભામાં એક વિરલ ઘટના આકાર લઈ રહી છે અને એ વિરલ ઘટના છે શ્રી વિમલાબહેન ઠકારના જિજ્ઞાસુઓને આપેલા પ્રશ્નોનાં ઉત્તરની. તેઓ જિજ્ઞાસુઓને જ કહેતાં કે, 'જિજ્ઞાસા માટેનું પ્રથમ પગથિયું એ છે કે તમારું મન અજ્ઞાત અવસ્થામાં હોવું જોઈએ. મનની આ અવસ્થામાં આપણે જીવન શું છે, મૃત્યુ શું છે, પ્રેમ શું છે એ વિશે કશું જાણતા નથી. આપણે ગ્રહણશીલ છીએ. જોવા અને સાંભળવા માટે આપણા મનનાં દ્વાર ખુલ્લાં છે.' આવી રીતે જિજ્ઞાસુઓનાં અનેક પ્રશ્નોનાં એમણે ઉત્તર આપ્યાં. એ ઉત્તરમાં જીવનનું અર્ક, સત્વ અને સત્ય કેન્દ્રસ્થાને રહેતું નથી. ક્યારેક એ ઉત્તર કોઈકના મનને અનુકૂળ લાગતો નહીં, પરંતુ પૂજ્યશ્રી વિમલા ઠકારનો હેતુ તો સહસંવાદનો હતો અને આ સહસંવાદમાં પ્રશ્નકર્તાઓ કેટલાંય જુદાં જુદાં પ્રશ્નો પૂછતાં અને તેઓ તેના ઉત્તર આપતાં. એમનાં એ જીવન વિશે આપણા અધ્યાત્મના ઊંડા અભ્યાસી અને આલેખક પ્રા.કાર્તિકેય ભટ્ટે 'મુક્તાત્માજીવાત્મા સંવાદ' નામના પુસ્તકમાં કરેલું માર્મિક આલેખન અહીં સંક્ષેપમાં જોઈએ.

શ્રી વિમલાબહેન ઠકારે ઘણા લાંબા સમય સુધી પૂર્ણ એકાંત અને મૌન જીવન વ્યતિત કર્યું હતું, પરંતુ એ પછી આધ્યાત્મિક જિજ્ઞાસુઓ માટે જીવનસત્તાએ ફરીથી બોલવાની પ્રેરણા કરી અને તેઓ અત્યંત આનંદપૂર્વક અને સહજતાથી એ કરતા રહ્યાં. ચાલીસેક દેશોમાં એમણે પરિભ્રમણ કર્યું. જ્ઞાનેશ્વરી (ભગવદ્ગીતા) અને ઉપનિષદો પર વ્યાખ્યાનો આપ્યાં, પણ એની સાથોસાથ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને રાજયશાસ્ત્ર જેવાં વિષયો પર એમણે મનનીય પ્રવચનો આપ્યાં. જીવનને ચાહનારા વિમલાબહેન ઠકારનાએ શબ્દો યાદ કરીએ.

તેઓ કહે છે, 'જીવન પોતે પરમાત્મા છે, જીવન અત્યંત પવિત્ર વસ્તુ છે અને જીવવું એ પ્રભુની પૂજા છે. હું તો મારી સમજનો નાનકડો દીપક લઈને જીવતી થઈ. આવું જો તમે કરશો તો સમ્યક્ જીવનનો રસ્તો ખૂલી જશે. એમ કહી આપણું પથદર્શન કરનારાં, અધ્યાત્મની અગ્નિશિખા સરીખાં વિમલાબહેન ઠકારને આધ્યાત્મિકતાનો સાચો વારસો તેમના કુટુંબીજનો પાસેથી જ મળ્યો હતો. તેઓ કહે છે : 'મારા ઘડતરમાં મા, નાના તથા મારા બાપુજીનો ઘણો મોટો ફાળો છે. નાના વિવેકાનંદના પ્રેમી હતા. પરિવારમાં બાળક ચાર વર્ષનું થાય એટલે નાના જાતે જ એને દક્ષિણેશ્વર લઈ જતા. રામકૃષ્ણદેવની પાટ પાસે લઈ જઈ કહેતા,

'ઠાકુર, આ બાળકને જ્ઞાન અને ભક્તિનું વરદાન આપો.'

વિવેકાનંદની બેઠક પાસે લઈ જઈને કહેતા : 'સ્વામીજી, આને જ્ઞાન અને વૈરાગ્યનું વરદાન આપો.' બાપુજી રામતીર્થના પ્રેમી હતા. વિમલાબહેનનો જન્મ ૧૫ એપ્રિલ, ૧૯૨૧માં રામનવમીના શુભ દિવસે થયો હતો.

વિમલાબહેને કહ્યું હતું : 'એક ક્રાંતિકારી પરિવારમાં મારો ઉછેર થયો છે. બાપુજીના એક મુસ્લિમ મિત્ર હતા. એમનાં છોકરાંઓ બાપુજી પાસે ગીતા શીખતાં અને અમે ચાચા પાસે કુરાને શરીફની આયાતો શીખતાં. હરિજનોને પણ સન્માનસહ અમારે ત્યાં જમાડતા હતા.' મુક્તિ માટેની દીકરીની તાલાવેલી જોઈને પિતાએ શીખ આપતાં કહ્યું હતું, 'પરમ સત્ય તારી ભીતર છે. એ જ ગુરુ બનીને પથદર્શન કરશે. બહાર ગુરુ શોધવાની જરૂર નથી.' 'ઈશ્વર કોઈ સિદ્ધાંત કે તત્વ નથી. એ તો જીવનનું સનાતન સ્પંદન છે. તેના વિના શરીર ઉઠાવવું એ કેવળ શબયાત્રા જેવું છે.' એ શીખ વિમલાજીને એમના નાના પાસેથી મળી હતી. સૌપ્રથમ વખત અમેરિકાની (પરદેશની) યાત્રાએ જતાં 'આટલે દૂર હું એકલી ?' એવી મૂંઝવણ અનુભવતાં વિમલાજીને પ્રભુશ્રદ્ધાની દીક્ષા આપતાં હોય તેમ તેમના અક્કાએ કહ્યું હતું, 'બસ, આ જ તારી ભક્તિ ? તું એમ સમજે છે કે તારા પરમાત્મા ભારતમાં છે અને અમેરિકામાં નથી ? અમેરિકામાં તું એકલી ક્યાં છો ?' બાર વર્ષની વયે વિમલાજીએ ભારતના સર્વ અગ્રગણ્ય સંતપુરુષોનાં ચરિત્રો અને જીવનકથાઓ વાંચી કાઢ્યાં હતાં.


ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058






સંપર્ક–મિતેશ દેસાઈ
Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત


# કપડાં, ફટકાડા, મીઠાઈ વહેંચી ચહેરા પર લાવ્યા ખુશી

બારડોલી- દિવાળીના તહેવારમાં તમામ લોકો ખુશ અને આનંદમા જોવા મળે છે. નાના બાળકો માટે કપડા, ફટાકડા, મીઠાઈ નાસ્તો સહિતની વસ્તુ મળતાં તેઓ માટે દિવાળીનો તહેવાર ખાસ થઈ જાય છે. જયારે કેટલાક એવા પણ બાળકો હોય છે કે જેઓ આ તમામ વસ્તુઓ પ્રાપ્ત કરી શકતા નથી. કપડા, ફટકાડા તો શું જીવન જરૂરયાતની વસ્તુ માટે પણ ઝંખતા હોય છે. આવા બાળકો ને બારડોલીનું આઈએમ હ્યુમન ટ્રસ્ટ અનેક વસ્તુઓ ભેટમાં આપી દિવાળી સાર્થક બનાવી છે.



દિવાળીના તહેવાર આવતાં જ લોકોના મનમાં રોશની, ફટાકડા, રંગોળી, કપડા અને ખુશીનું એક ચિત્ર ઉપસી આવે છે. આ તહેવાર દરમિયાન લોકોના ચહેરા પર ખુશી અને આનંદ જોવા મળે છે. જેમાં બાળકો માટે આ તહેવાર મોજ મસ્તીનો તહેવાર છે. નવા પકડા, મીઠાઈ, ફટાકડાને લઈ તેમનામાં ઉત્સુકતા જોવા મળે છે. જયારે કેટલાક પરિવારો અને બાળકો એવી પણ સ્થિતિ હોય છે કે તેમના માટે આ તમામ વસ્તુ મેળવવી મુશ્કેલ હોય છે. ગરીબ અને આદિવાસી બાળકો માટે દિવાળીનો તહેવાર પણ સામાન્ય દિવસોની જેમ જ પસાર થતો હોય છે. તેઓને પણ આ તમામ વસ્તુની ઝંખવાના હોય છે, પરંતુ આ તમામ વસ્તુ તેમની પહોંચતી દૂર હોય છે.

પરંતુ આવા બાળકોની દિવાળીને સાર્થક બનાવવા માટે બારડોલીનું આઈ. એમ. હ્યુમન ટ્રસ્ટ ૨૦૧૪થી કાર્યરત છે. દર વર્ષે ગરીબ અને આદિવાસી બાળકોની દિવાળીને સાર્થક બનાવવા માટે પ્રયત્નશીલ રહે છે. આ વર્ષે પણ ટ્રસ્ટ દ્વારા બાળકોને કપડા, મીઠાઈ, ફટાકડા અને પીઝા ખવડાવી દિવાળીની ખુશી આપી છે. દિવાળીના તહેવાર પહેલાથી જ આ ગ્રુપ બાળકોની ખુશી માટે કામ કરતું હોય છે. બાળકોના ચહેરા પર સ્મીત આપવા માટે તમામ પ્રયત્ન કરે છે.

અંતરિયાળ ગામોમાં વિતરણ કરવામાં આવ્યું આઈએમ હ્યુમન ટ્રસ્ટના સભ્યો અમેરિકામાં પણ કાર્યરત છે. ભારતમાં જરૂરિયાતમંદ બાળકોની દીવાળી સાર્થક બને તે માટે કાર્યરત હોય છે. અમેરિકાથી ૧૨૦૦૦ નંગ કપડા કલેક્શન કરી ભારતમાં જરૂરિયાત મંદોને વિતરણ કરવામાં આવ્યું છે.

છેલ્લા ૧૧ વર્ષથી દિવાળી નિમિત્તે જરૂરિયાતમંદ બાળકોના ચહેરા પર ખુશી લાવવા માટે પ્રયત્ન કરીએ છીએ. આ વર્ષે પણ ૧૨૦૦૦ નંગ કપડા, ૭૦૦ મીઠાઈના બોક્સ, ૭૦૦ નંગ ફટાકડાની કીટ, ૭૦૦ નંગ પીઝા બાળકોને ખવડાવી તેમની દિવાળીની ઉજવણી કરી છે. બારડોલી અને ધરમપુર તેમજ વલસાડ જિલ્લાના અંતરિયાળ ગામોમાં વિતરણ કરવામાં આવ્યું છે.

# નેવાળા ગામના લોકોને શિયાળામાં જ પાણીની સમસ્યાનો સામનો

કુકરમુંડા- તાપી જિલ્લાના નિઝર તાલુકામાં આવેલ ખોડદા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવેશ નવું નેવાળા ગામે રવિન્દ્રભાઈ રામસિંગભાઈના ઘર પાસે ગામના લોકોને સમયસર પીવાનું પાણી, ઘર વપરાશ સહીતનું પાણી મળી રહે તે હેતુથી સરકાર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે બોરવિથ સિન્ટેક્ષ ટાંકી, પાઇપ લાઈન, નળ કનેક્શન સાથે પાણીની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. જે પાણીની સુવિધામાં મોટર બગડી જતા છેલ્લા પંદરેક દિવસથી પાણીની સુવિધા બંધ હોવાથી આજુબાજુના વસવાટ કરનાર પરિવારને ગામમાં જ અન્ય સ્થળ ઉપર આવેલી પાણીની સુવિધાથી પીવાનું પાણી, ઘર વપરાશ સહીતનું પાણી લાવવા માટે મજબુર બન્યા છે.

જોકે આ પાણીની સુવિધા સરકારે કોઈ યોજનામાંથી બનાવવામાં આવેલ છે. તે અંગે ચોક્કસ મળેલ નથી. ગામમાં લાખો રૂપિયાના ખર્ચે બોરવિથ સિન્ટેક્ષ ટાંકી, પાઇપ લાઈન, નળ કનેકશન, ટાંકી મુકવા માટે સ્ટેન્ડ સાથે પાણીની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી મોટર બગડી જવાના કારણે પાણીની સુવિધા જ બંધ હાલતમાં છે. આ બાબતે આજુબાજુમાં વસવાટ કરતા લોકોઓ પાસેથી જાણવા મળી આવેલ છે.

કે ,પાણીની મોટર બગાડતા પાણીની મોટરને રીપેરીંગ કરાવવા અંગે બોરમાંથી મોટર બહાર કાઢવાની કોશિશ કરી હતી, પરંતુ બોરની અંદર કોઈક ઝાડના મૂળિયાં આવી ગયેલ હોવાથી મોટરને બોરમાંથી બહાર કાઢી શક્યા નથી. જેના લીધે છેલ્લા પંદરેક દિવસથી લાખોના ખર્ચે બનેલ પાણીની સુવિધા બંધ હાલતમાં પડી છે. ઉલ્લેખનીય એ છે. કે, આ ખોડદા ગ્રુપ ગ્રામ પંચાયતના જવાબદરો નવું નેવાળા ગામ ખાતે બંધ પડેલી પાણીની સુવિધા ફરીથી ચાલુ કરાવશે. કે, નહી એ તો આવનાર સમયમાં જ બહાર આવે તેમ છે.

# સોનગઢ તાલુકાના અગાસવાણ ગામમાં મિની પાણી પુરવઠા યોજના બંધ પડી

સોનગઢ- સોનગઢ તાલુકાના અગાસવાણ ગામે પાણી પુરવઠા બોર્ડ દ્વારા શરુ કરાયેલ મિની પાણી પુરવઠા યોજના ગણતરીના દિવસ પછી જ બંધ થઇ જતા લોકોમાં આક્રોશ ઉભો થયો છે. સ્થાનિક લોકો આજે પણ હેન્ડપંપ માંથી પાણી મેળવી પોતાનું કામ ચલાવી રહ્યા છે. આ વિસ્તારમાં પાણીના તળ ઊંડા હોય લોકો ઉનાળાના સમયે પાણી બાબતે તંગી ભોગવે છે. સોનગઢ તાલુકાના ગામડે ગામડે પીવાના પાણીની સગવડ માટે ફળિયામાં મિની પાણી પુરવઠા યોજના હેઠળ પાણી ની ટાંકી ઉભી કરી ઘરે ઘરે પાઈપ લાઈન નાખી નળ કનેક્શન આપવામાં આવ્યા છે.



આ યોજના અન્વયે લોકો ને ઘર બેઠા પાણી પૂરું પાડવાનું સ્વપ્ન દેખાડવામાં આવે છે પરંતુ આવી યોજના શરુ થાય એના ગણતરીના દિવસમાં કે માસમાં વિવિધ કારણોસર બંધ પડી જાય છે અને સરકારી ચોપડે ગામના એ ફળિયાના લોકો ઘર બેઠા નળ વાટે પાણી મેળવતા હોવાનું દર્શાવાય છે પરંતુ હકીકતમાં લોકો હેન્ડપંપ પરથી મહેનત કરી પાણી મેળવતા હોય છે. સોનગઢ તાલુકાના અગાસવાણ ગામમાં પણ આજ સ્થિતિ છે. ફળિયામાં ગત થોડા વર્ષ પહેલા મિની પાણી યોજના હેઠળ ટાંકી બનાવાય હતી એની સાથો સાથ નળ કનેક્શન પણ આપવામાં આવ્યા હતા.

જોકે યોજના શરુ થાય પછી એને ગ્રામ સમિતિને સોપી દીધા બાદ પાણી પુરવઠા બોર્ડની જવાબદારી જાણે કે પૂરી થઇ ગઈ હોય તેમ પાછું વળીને કદી જોવાયું નથી. આ ટાંકી ગણતરીના સમય પછી કોઈક કારણસર બંધ થઇ ગઈ હતી એ આજ દિન સુધી બંધ જ પડી છે.

# તારીખ ૧૫ મી નવેમ્બર જન જાતીય ગૌરવ દિવસની ઉજવણી સંદર્ભે ડાંગ જિલ્લા વહિવટી તંત્ર સજ્જ

## કાર્યક્રમમા પધારનાર મુખ્ય મંત્રીશ્રીના સંભવિત કાર્યક્રમ સંદર્ભે યોજાઇ બેઠક

**(ડાંગ માહિતી બ્યુરો): આહવા:** આગામી તારીખ ૧૫મી નવેમ્બરના રોજ ૩જન જાતીય ગૌરવ દિવસ ઉજવણીના રાજય કક્ષાના સંભવિત કાર્યક્રમમા પધારનાર મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના કાર્યક્રમ સંદર્ભે, ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા વહીવટી તંત્રની એક બેઠક યોજાઇ હતી.





ડાંગ જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય બેઠકમા મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમ સબંધિત કરવાની થતી પ્રોટોકોલ મુજબની કામગીરી અંગે, સંબંધિત જિલ્લા અધિકારીઓને માર્ગદર્શન આપતા કલેક્ટર શ્રી મહેશ પટેલે વિગતે ચર્ચા કરી અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. બેઠક બાદ કલેક્ટરશ્રી સહિત જિલ્લા પોલીસ વડા, નિવાસી અધિક કલેક્ટરશ્રી, પ્રાંત અધિકારી, માર્ગ અને મકાન વિભાગના અધિકારીશ્રીઓ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા કાર્યક્રમ સ્થળો અને હેલીપેડ ખાતે સ્થળ ચકાસણી કરવામા આવી હતી.

બેઠકમા જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજ સુથાર, જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયા, નિવાસી અધિક કલેક્ટર બી.બી.ચૌધરી, નાયબ વન સંરક્ષકો સર્વશ્રી રવિ પ્રસાદ, અને દિનેશ રબારી, પ્રાંત અધિકારી સુશ્રી કાજલ આંબલીયા સહિત સબંધિત ઉચ્ચ/ વરિષ્ઠ અધિકારીઓએ ઉપસ્થિત રહી ચર્ચામા ભાગ લીધો હતો.

# મહારાષ્ટ્ર વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ સંદર્ભે દારૂ કે તેના જેવા બીજા નશાકારક પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ

## તાપી જિલ્લામાં ડ્રાય ડે જાહેર કરવા અંગેનું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું જાહેરનામુ

**તાપી** -તાપી જિલ્લો મહારાષ્ટ્ર રાજયની સરહદને અડીને આવેલ છે. આગામી ૨૦ મી નવેમ્બર, ૨૦૨૪ ના રોજ મહારાષ્ટ્ર રાજયમાં યોજાનારી વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ સંદર્ભે તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી આર. આર.બોરડે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને મતદાન મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજી શકાય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ન ખોરવાય તે માટે મતદાન દરમિયાન જિલ્લામાં દારૂ કે તેના જેવા બીજા નશાકારક પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિદ્દ કર્યું છે.

જાહેરનામા મુજબ, મહારાષ્ટ્ર રાજયમાં તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણી અનુસંધાને જિલ્લામાં મતદાનનો સમય પુરો થવાના કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકના સમયને ડ્રાય ડે જાહેર કરવા અંગે ઉલ્લેખ છે. જેમાં ફેર મતદાન (જો થાય તો) નો દિવસ પણ આવરી લેવાશે. ઉપરાંત મતગણતરી એટલે કે, તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૪ ના દિવસને પણ આવરી લેવાશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

Date-13/11/2024 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સુરત ડિસ્ટ્રિક્ટ બેંક સાથે સંકળાયેલ

# સુરત-તાપી જિલ્લાની સુગર ફેક્ટરીઓના ખેડૂતો અને સભાસદો ઓવરડ્રાફ્ટ અને કિસાન ક્રેડિટ કાર્ડ લોનના વ્યાજ દરમાં રાહત આપવા બાબતે રજૂઆત કરવામાં આવી





## સુરત જિલ્લા સહકારી નેતા અને પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે બેંક ૯% વ્યાજ લે છે એ ૨% ઘટાડી ૭% કરે તેવી માગ કરી

બારડોલી- સુરત ડિસ્ટ્રિક્ટ બેંક સાથે સંકળાયેલ સુરત-તાપી જિલ્લાની સુગર ફેક્ટરીઓના ખેડૂતો અને સભાસદો ઓવરડ્રાફ્ટ અને કિસાન ક્રેડિટ કાર્ડ લોનના વ્યાજ દરમાં રાહત આપવા બાબતે રજૂઆત કરવામાં આવી હતી.

કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી દર્શન નાયકે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, સુરત અને તાપી જિલ્લાના ખેડૂતો અને સહકારી સંસ્થાઓની કામધેનુ સમાન ધી સુરત ડી.કો.ઓ.બેંક લી.ની સેવા અંતરિયાળ ગામડા અને ઘરો સુધી વિસ્તરેલી છે.

ગામડાની નાની દુધ મંડળી, સેવા સહકારી મંડળી, શાકભાજી, ખાતર વેચાણ કરનાર સહકારી મંડળી કે સુગર ફેક્ટરી બેંકના સહકારથી વિસ્તરી રહી છે. સુગર ફેક્ટરી અને ખેડૂતોને આપેલ લોનની રીકવરી બાબતે બેંક ને બહુ તકલીફ પડી નથી. ખેડૂતો લોનના હપ્તા લગભગ નિયમિત ભરતા હોય છે. ત્યારે ખેડૂતોને લોન પરના વ્યાજમાં રાહત આપવી જોઈએ.

વર્તમાન સમયમાં ખેડૂતો, સહકારી મંડળીઓ અને સુગર ફેક્ટરી અસ્તિત્વની કટોકટીનો સામનો કરી રહી છે. ત્યારે જે ખેડૂતોએ લોન લીધી હોય, જે સુગર ફેક્ટરી લોન ઓવરડ્રાફ્ટ લીધી હોય તેના વ્યાજ દરમાં ઘટાડો કરીને ખેડૂતો, મંડળીઓને, ફેક્ટરીઓને રાહત આપવી જોઈએ. ગત સિઝન ૨૦૨૩-૨૪ કરતા ચાલુ સિઝન ૨૦૨૪-૨૫ આશરે ૧૪-૧૫ દિવસ મોડી શરૂ થઇ રહી છે. સુરત ડિસ્ટ્રિક્ટ બેંક ખાંડ ઉપર વાર્ષિક ૯ ટકા વ્યાજ લે છે. જેમાં ટર્મ લોન (મોડીફીકેશન) ૮.૨૫ % અને વર્કિંગ કેપીટલ લોન ૮.૨૫ % સમાવેશ થાય છે. માર્કેટમાં ખાંડ તેમજ આડપેદાશોની પરિસ્થિતિ અનિશ્ચિત રહેવાને કારણે સુગર ફેક્ટરી ખેડૂતોને સારા ભાવ આપી શક્તિ નથી. દિવસે-દિવસે શેરડીના ઉત્પાદન ખર્ચમાં વધારો થઇ રહ્યો છે. લેબરનો ઘણો વિકટ પ્રશ્ન છે અને તેમાં પણ મજુરી વધી છે. રાસાયણિક ખાતર તેમજ સિંચાઈ પણ મોંઘી થઈ છે. ખેડ કામથી લઈ દરેક ચીજ વસ્તુઓમાં મોંઘવારી છે. આમ લોનની ઉપર વ્યાજ ખાધ વધુ રહેવાને લીધે સંસ્થા તેમજ ખેડૂતો ઉપર વધુને વધુ ભારણ પડતું રહે છે. જેથી વ્યાજદરમાં રાહત આપવામાં આવે તો આ રાહત ખેડૂતો અને સહકારી સંસ્થાઓ માટે સંજીવની સમાન બની રહેશે.

સુરત જિલ્લાની સુગર મિલો/ખેડૂતોને સંસ્થા દ્વારા બેંકમાંથી લોન આપવામાં આવે છે. જેનો વ્યાજ દર ઘણો ઊંચો છે. જેને લીધે સંસ્થાઓને ઓવરડ્રાફ્ટ પણ વધારે પ્રમાણમાં લેવો પડતો હોય છે. તે છતાં ખેડૂતો દ્વારા ડીફોલ્ટમાં આવ્યા સિવાય કોઈપણ સંજોગોમાં બેંકમાંથી લીધેલ ધિરાણ બાકી રાખ્યા સિવાય જેમ બને તેમ જલ્દી જમા કરાવી દે છે. હાલમાં બારડોલી, ચલથાણ, મઢી, મહુવા, સાયણ, કામરેજ અને કોપર સુગર સહિતની સુગર મિલોમાં આશરે રૂ. ૯૭૦ કરોડ રૂપિયા જેટલા ઓવરડ્રાફ્ટની રકમ આ મંડળીઓ મારફત લેવામાં આવે છે.

સહકારી સંસ્થાઓ સ્થાપનાકાળથી નાણાકીય વહીવટની બાબતને લઇ સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક સાથે સીધી રીતે જોડાયેલી છે અને એની સધ્ધરતાનું કારણ પણ આ સુગર ફેક્ટરીઓ, આટલી બ્રાન્ચો કે આટલો નફો આ સહકારી સુગર ફેક્ટરીઓના કારણે શક્ય બન્યો છે. સ્થાવર કે જંગમ મિલકતો છે એમાં આ સુગર ફેક્ટરીઓનો સિંહ ફાળો રહ્યો છે. આ તમામ સુગર ફેક્ટરીઓ સાથે સંકળાયેલા સભાસદો અને ખેડૂતોને કરોડો રૂપિયાનું વ્યાજ આવકના રૂપમાં આપવામાં આવે છે અને આ સંસ્થાના આજદિન સુધી નોન પરફોર્મિંગ એસેટ રહેતો નથી.

# ભાડુંત ગામમાં ધામધૂમથી જલારામ જયંતી ઉજવણી કરવામાં આવી



જલારામ બાપાનું મુખ્ય સ્મારક ગુજરાત રાજયના રાજકોટ ના જેતપુર શહેર નજીક વીરપુરમાં આવેલું છે. આ સ્મારક તે જ ઘર છે જયાં જલારામ બાપા તેમના જીવનકાળ દરમ્યાન રહેતાં હતાં. તેને તેના મૂળ સ્વરૂપે સાચવવામાં આવ્યું છે. આ સ્મારકમાં જલારામ બાપા દ્વારા વાપરવામાં આવેલી વસ્તુઓ અને તેમના દ્વારા પૂજાતી રામ સીતા લક્ષ્મણ અને હનુમાનની મૂર્તિઓ મૂકવામાં આવી છે. અહી સ્વયં પ્રભુ દ્વારા અપાયેલી ઝોળી અને દંડો પણ જોઈ શકાય છે. પણ અહીંનું મુખ્ય આકર્ષણ છે જલારામ બાપાનો ફોટોગ્રાફ, જે જલારામ બાપાના જીવતા લેવાયેલો એક માત્ર ફોટો છે. જે જલારામ બાપાના મૃત્યુના એક વર્ષ પહેલાં બ્રિટીશ ફોટોગ્રાફર દ્વારા લેવાયેલો છે.

અહી ભક્તોએ ભૂતકાળમાં એટલું બધું દાન આપ્યું છે કે ૯ ફેબ્રુઆરી ૨૦૦૦ પછી અહી ભક્તો પાસેથી દાન લેવામાં આવતું નથી. આ ભારતનું એકમાત્ર એવું દેવસ્થાન છે કે જે કોઈપણ જાતનું દાન લેતુ નથી.


સંત શ્રી જલારામબાપાનો જન્મ ઇ.સ. વિક્રમ સંવત ૧૮૫૬ની કારતક સુદ સાતમે લોહાણા સમાજના ઠક્કર કુળમાં થયો હતો. તે ભગવાન રામના ભક્ત હતા.

જલારામ બાપાને ગૃહસ્થ જીવન કે પોતાના પિતાનો વ્યવસાય સ્વીકારવામાં કોઈ રસ નહોતો. તેઓ હંમેશા યાત્રાળુઓ, સંતો અને સાધુઓની સેવામાં રોકાયેલા રહેતા. તેઓ પોતાના પિતાથી છૂટા થઈ ગયા અને તેમના કાકા વાલજીભાઈએ યુવાન જલારામ અને તેમની માતાને પોતાને ઘેર રહેવા સૂચવ્યું.

૧૮૧૬ ની સાલમાં ૧૬ વર્ષની ઊંમરે તેમના લગ્ન આટકોટના પ્રાગજીભાઈ ઠક્કરની પુત્રી વીરબાઈ સાથે કરવામાં આવ્યાં. વીરબાઈ પણ ધાર્મિક અને સંતઆત્મા હતા આથી તેમણે પણ જલારામ બાપા સાથે સંસારીવૃત્તિઓથી વિરક્ત રહી ગરીબો અને જરૂરિયાતમંદોની સેવાના કાર્યમાં ઝંપલાવી દીધું. વીસ વર્ષની વયે જલારામે આયોધ્યા, કાશી અને બદ્રીનાથની જાત્રાએ જવાનું નક્કી કર્યું ત્યારે પત્નિ વીરબાઈ પણ તેમની સાથે જોડાયા.

ગામના શ્રી ડે, સરપંચ હેમંતભાઈ પટેલ દ્વારા મુખ્ય આરતી ઉતારી અને ગણેશ મંડળના યુવાનનો ખુબજ મહેનત કરી આજનો પ્રોગ્રામ જલારામ જયંતી નો ઉત્સવ ઉજવાયો.અંતે ગામના શિક્ષક ડો ધર્મેન્દ્ર પટેલ દ્વારા જલારામ બાપા નો ઇતિહાસ જણાવ્યો.

# માંગરોળનાં તરસાડીથી જુના કોસંબા તરફ જતા રેલવે ઓવરબ્રીજ પરથી નીચે પટકાતા બાઇકચાલકનું મોત



બારડોલી- માંગરોળનાં તરસાડીથી જુના કોસંબા તરફ જતા રેલવે ઓવરબ્રીજ ઉપરથી બાઇક ચાલક નીચે પટકાતા જેનું ગંભીર ઇજા સાથે ઘટના સ્થળે મોત નિપજી ગયું હતું. કોસંબા પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સંદિપકુમાર કનૈયાલાલ પટેલ (ઉ.વ.૪૩ રહે. સત્ય નારાયણ નિવાસ મોતી રાઘવજીની ચાલ કોસંબા તા. માંગરોળ) પોતાની બાઈક નં.જીજે-૧૯-એજે-૩૩૨૫ લઇને તરસાડી ગામની સીમમાં તરસાડીથી જુના કોસંબા તરફ જતા રેલવે બ્રીજ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. જે દરમ્યાન સંદિપકુમારે પોતાની બાઇક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સ્ટીયરીંગ ઉપરનો કાબૂ ગુમાવી દઇ બાઇક બ્રીજની સાઇડે અથડાવી દીધી હતી. જોકે સદર અકસ્માતની ઘટનાનાં પગલે બાઇક ચાલક સંદિપકુમાર રેલવે ઓવરબ્રીજની નીચે પટકાતા જેમનું ગંભીરઇજા સાથે ઘટના સ્થળે મોત નિપજી ગયું હતું. ત્યારે સમગ્ર ઘટના અંગે કોસંબા પોલીસને જાણ થતા બનાવનાં સ્થળે દોડી આવેલી પોલીસે હાલ ગુનો નોધ આગળની તપાસ હાથ ધરી હતી.






સમગ્ર દક્ષિણ ગુજરાતના સમાચાર જોવા માટે ચેનલને સબ્સ્ક્રાઇબ કરો...

YouTube http://www.gujataatmiyata.in/

''ગુજરાત આત્મીયતા'' યુ-ટ્યુબ ચેનલ હવે ડિજીટલ પ્લેટફોર્મ પર પણ....!!!


# બારડોલીના આફવામાં હાઇવે નજીકથી યુવકનો મૃતદેહ મળ્યો



બારડોલી- બારડોલીના આફવા ગામની સીમમાં આવેલી કાંતીલાલ રામભાઈ પટેલની આંબાવાડી સામે ગત ૧૦/૧૧/૨૦૨૪ના રોજ દિવસ દરમિયાન આફવા ગામની સીમમાં નેશનલ હાઈવે રોડ નં.૫૩ની બાજુમાં પાણીની ગટર પાસે એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઉંમર આશરે ૪૦ થી ૪૫ વર્ષની હતી અને તે શ્યામ વર્ણનો મજબૂત બાંધાનો માણસ હતો.

તેણે સફેદ રંગનું ગંજી અને કાળા રંગનો ચડ્ડો પહેર્યો હતો. આ અંગે પોલીસે અકસ્માત મોતની નોધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# કડોદરામાં લારીની નીચે સંતાડેલો તમંચો અને કારતૂસો મળી આવ્યા

પલસાણા- કડોદરાના ક્રિષ્નાનગર વિસ્તારમાંથી સુરત જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લોની ટીમે દેશી હાથ બનાવટની પિસ્તોલ અને જીવતા કારતૂસ સાથે શોધી કાઢ્યા હતા. પોલીસે આ ગુનામાં એકને વોન્ટેડ જાહેર કર્યો છે.અને આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર સુરત જિલ્લા એલસીબીની ટીમને માહિતી મળી હતી કે, કડોદરા ગામની સીમમાં ક્રિષ્ના નગર ગીત મહલ ટોકીઝની પાછળ દુર્ગા નગર સોસાયટી પાસે ખુલ્લા પ્લોટમાં આવેલ લારી નીચે જમીનમાં દેશી હાથ બનાવટની પિસ્તોલ અને જીવતા કારતૂસ સંતાડેલા છે. આ ચોક્કસ માહિતી ના આધારે એલસીબી અને પેરોલ ફર્લોની ટીમે સ્થળ પર પહોંચી લારી નીચેથી દેશી હાથ બનાવટની મેગઝિન વાળી પિસ્તોલ તથા જીવતા કારતૂસ નંગ ૨ મળી આવી હતી. પોલીસે અજાણ્યા આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધી કુલ ૨૦૪૦૦ રૂપિયાનો મુદામાલ કબ્જે કર્યો છે.


જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb


# જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને આત્મા કચેરીની ગવર્નીંગ બોડીના સભ્યોની વાર્ષિક બેઠક યોજાઈ



**તાપી-**તાપી જિલ્લા કક્ષાના આત્મા પ્રોજેક્ટ કચેરીની ૨૦૨૪-૨૫ની ગવર્નીંગ બોર્ડના સભ્યોની ૩૬મી બેઠક દિવાળી પુર્વે આયોજિત કરવામા આવી હતી. આ બેઠક આત્મા ગવર્નીંગ બોડીનાના ચેરમેન અને જિલ્લા વિકાસ અધિકારી ના અધ્યક્ષસ્થાને, જિલ્લા પંચાયત હોલ,વ્યારા ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં અગાઉ યોજાયેલી બેઠકની કાર્યવાહી નોંધમાં થયેલી બાબતોની બહાલી, જુન-૨૦૨૪થી સપ્ટેમ્બર-૨૦૨૪ સુધી થયેલી પ્રવૃતિઓ અને તેમાં થયેલા ખર્ચને બહાલી આપવાની બાબતો અંગે નિર્ણય પ્રક્રિયા કરવામાં આવી હતી. આ ઉપરાંત રવિ પાકો માટે નિદર્શન ઘટક કિટ, ફૂડ સિક્યોરીટી ગ્રુપ અંતર્ગત કિચન ગાર્ડન કીટ, ખેડૂતોના કેપીસીટી બિલ્ડીંગ ઘટકની તાલીમ જેવા આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આત્મા કચેરી હસ્તગત ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માં ભૌતિક અને નાણાકીય સિદ્ધિ સરેરાશ ડીસેમ્બર-૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધી કુલ રૂપિયા ૨૯.૪૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ મુજબ ભૌતિક સિદ્ધિ ૧૦૫.૨૫% તેમજ ૫૫.૦૪ % નાણાકીય સિદ્ધિ હાસલ કરેલ છે. આ ઉપરાંત બેઠકમાં જીલ્લામાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે થયેલી કામગીરીની વિગતો, સભ્યશ્રીઓના સૂચનોનો સ્વીકાર તેમજ અધ્યક્ષસ્થાને જે મુદ્દા ઓ રજુ થયા તે અંગે પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીએ વિગતવાર માહિતી પૂરી પાડી હતી.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).